## લુપ્ત થતી કવિતાની પરિયોજના

લગભગ દર બે અઠવાડિયે એક ભાષાનો અંત આવે છે. આખી દુનિયામા વપરાતી ૭૦૦૦ ભાષાઓ માંથી અડધો- અડધ ભાષાઓ લુપ્ત થવા ને આરે છે. આ સદીના અંત સુધીમાં હમના જગતમાં વપરાતી ભાષાઓ માંથી અડધી જેટલી ભાષાઓનો અંત આવી જશે. મતલબ કે અનન્ય પારંપારિક ભાષામાં લખાયેલી કવિતાઓનો નાશ થઈ જશે.

'ધ નેશનલ પોએટ્રી લાઈબ્રેરી સાઉથબેંક સેંટર' અને 'સોએસ (સ્કુલ ઓફ ઓરિએન્ટલ એંન્ડ આફ્રિકન સ્ટડીસ) વલ્ડ લેંગ્વેજ સંસ્થા, લંડન' નુ માનવુ છે કે વિલુપ્ત થતી ભાષા અને કવિતાની જાળવની માટે અને આવનારી પેઢીના લાભ અને જ્ઞાનને માટે એક પરિયોજના બનાવવામાં આવે.

લુપ્ત થતી ભાષાની કોઈ કવિતાનુ તમને જ્ઞાન છે? જો જ્ઞાન હોય તો ઉપરોકત સંસ્થા એ જાણવાની ઈચ્છા ધરાવે છે. એક લાઈબ્રેરીમા લોકો દ્વારા પ્રાપ્ત થયેલ, લુપ્ત થતી ભાષાની કવિતાઓ સાચવવામા આવશે. જે લોકોને આ ભાષા અને કવિતા જાળવવાની ઈચ્છા હશે તેઓ આ મહામૂલી ભાષા અને કવિતાનો ખજાનો લાઈબ્રેરીમાથી મેળવી શકશે.

### તમે કેમ મદદ કરી શકો?

લુપ્ત થતી ભાષાની કોઈ કવિતાનુ તમને જ્ઞાન હોય તો નીચે આપેલ સાઉથબેંક સેંટર વેબસાઈટ પર ફોર્મ ભરીને મોકલી શકશો: https://www.southbankcentre.co.uk/blog/endangered-poetry-project